Chapter-9

## પ્રકરણ :૯

## ઉપસંહાર : સાહિત્ય સામયિકો : વીસમી સદીનો પૂર્વાર્ધ : કેટલાક તારણો.

માસિકોનું કાર્યક્ષેત્ર આપણાં જીવનની પેઠે વ્યાપક અને સર્વદેશીય હોવું જોઈએ પણ આટલું જવાબદારીનું કાર્ય એક માસિકથી ન જ બની શકે. તેને યોગ્ય અને પૂરતો ન્યાય આપવાને સંખ્યાબંધ માસિકો જોઈએ. બની શકે તો વિષયવાર માસિકો નીકળવા જોઈએ નહિ તો જે માસિક પ્રસિદ્ધ થતાં હોય તેઓ માંહો માંહે સ્પર્ધામાં નહિં ઉતરતા જે-તે અમુક વિષયને પ્રાધાન્ય આપી પોતાનું વ્યક્તિત્વ ખીલવે એ પણ હિતાવહ છે.

– હીરાલાલ પારેખ. બુધ્ધિપ્રકાશ, નવેમ્બર, ૧૯૨૪.

•

અનુભવીઓએ સેંકડોવાર લખ્યું છે કે સ્વદેશીય સંક્રાન્તિનાં આધુનિક યુગમાં વ્યક્તિ જીવનનાં અને સમાજજીવનનાં મોટા નાના પ્રશ્નો માસિકમાં જ યોગ્ય સ્થાન લઈ શકે. માનવજીવનમાં સર્વ અંગોને અંગે ઉપસ્થિત થતાં નવા નવા પ્રશ્નોમાંથી વિશેષ કલ્યાણક તત્વોને પોષણ આપી સમાજને તે ગમ દોરવાનું કાર્ય કેવળ માસિક જ વધુ સંતોષકારક રીતે કરી શકે.

– કેશવ હ. શેઠ, બુધ્ધિપ્રકાશ, મે – ૧૯૨૦.

વીસમી સદીનાં પૂર્વાર્ધમાં પ્રગટેલા ને મહત્વની ભૂમિકા ભજવી ગયેલા સામયિકોની આ નિકટદર્શી સર્વાંગીણ સમીક્ષા એ સામયીકોનાં સ્વરુપ, એમની સામેના પ્રશ્નો અને એમણે ઊભી કરેલી સક્રીય પ્રભાવકતાનું એકંદરે – સર્વવ્યાપક ભાવે – કેવું ચિત્ર ઉપસાવી આપે છે અને કેટલાક મહત્વના ઘટકોનાં સંક્ષિપ્ત નિર્દેશથી ને કેટલાંક તારણો – નીરીક્ષણો ધ્વારા અહીં, ઉપસંહાર રુપે મૂકી આપવાનો ઉપક્રમ છે. સાહિત્યના તેમજ સાંસ્કૃતિકના ઈતિહાસો તે તે સમયનાં કાર્યો-પ્રવૃતિ ની મુખ્ય સિધ્ધિ-સીમાઓને નિષ્કાર્યોરુપે ને વ્યાપક પ્રવાહદર્શન રુપે નોંકે છે. જ્યારે સામયિકોનો અભ્યાસ તે સમયનાં વાતાવરણનાં સર્વઘટકોનો, વિવિધ પ્રવાહોની સમાન્તરતા ને વિશેષતાનો એક સ્પર્શક્ષમ અનુભવ (એક 'ફીલ') આપે છે, ને એ રીતે, સાહિત્યનાં ઈતિહાસની કેટલીક રુઢ રેખાઓનાં ફેર આલેખન સુધસ પણ આપણને લઈ જઈ શકે છે. – ઓછામાં ઓછુ, એક ઝીણવટભર્યાં, નકશીદાર, જિજ્ઞાસાપ્રેરક બૃહત્ ચિત્રની સન્નિકટ આપણને લઈ જાય છે. એ ચિત્ર જેટલું રોમાંચક એટલું જ દિશાસૂચક પણ છે એ રીતેય એની ઉપલબ્ધિઓ ઓછી તી. આ અભ્યાસ એવી ઉપલબ્ધિઓની દિશામાં એકાદ ડગલું આગળ જવાની ઉપયોગીતા સિધ્ધ કરે તો પણ એની સાર્થકતા લાગશે.

તો આ સર્વ સામયિકોની સ્વરુપ અને પ્રયોજનલક્ષી વ્યાપક લાક્ષણિકતાઓ પ્રકટ કરતા એમનાં મુખ્ય ઘટકોનાં નીરીક્ષણોમાં જઈએ.

o <u>વ્યાપક જનસમાજની સુધી સાહિત્યપ્રસારનું લક્ષ્ય :</u>

વીસમી સદીના બીજા જ દાયકામાં આરંભાયેલું 'વીસમી સદી' આપણાં પત્રકારત્વક્ષેત્રે સીમાચિહનરુપ સામયિક છે આ અગાઉ પંડિતયુગનાં પ્રખર પ્રતિભાવંત સાક્ષરો ધ્વારા શરું થયેલા સામયિકો આ સમયગાળામાં પણ અસ્તિત્વ તો ધરાવતા હતા. પરંતુ સાક્ષરીભાવના બોજથી કે પછી પરંપરાગત વલણોથી એ સામયિકો ભાગ્યે જ કોઈ નવા વિષય પરત્વે પોતાની દ્રષ્ટિ ઠેરવતાં. ઉચ્ચ વિષયો અને આદર્શમય જગતને પામવાની પ્રબળ ઝંખના એ સામયિકોમાં ઝિલાતી રહી, પરંતુ વીસમી સદીના નવાયુગને આત્મસાત્ કરી નવયુગના અવાજને પ્રકટ કરવા વિશે (જાણ્યે-અજાણ્યે પણ) ઉદાસીન રહયા ત્યારે આ ક્ષેત્રમાં સાહિત્ય સેવાની ધૂન લઈને કેટલાક સાહસિક તંત્રીઓએ પોતપોતાનાં ધ્યેય અને આદર્શને ચરિતાર્થ કરવા સામયિકની નવી દિશા પ્રત્યે દ્રષ્ટિ કેળવી. 'વસન્ત', 'બુધ્ધિપ્રકાશ' 'સમાલોચક', 'સુદર્શન','જ્ઞાનસુધા' જેવા સામયિકોનો ઘેરો પ્રભાવ સમગ્ર

સાહિત્યજગત પર એક કાળે જે હતો તે વિવિધ કારણોસર ક્રમશઃ ઝાંખો થતો ચાલ્યો. એમાં નજરે ચઢે એવું પહેલું કારણ તો એ સામયિકોનાં કેટલાંકનાં આદિ તંત્રીઓની નિવૃત્તિ કે મૃત્યુનાં કારણે ઊભો થયેલો અવકાશ હતો. સામયિક પ્રવૃત્તિને વર્ષોસુધી - એકધારી સંભાળ્યા પછી એ સામયિકોને ધગશથી ચલાવવાનો ઉત્સાહ પણ મંદ પડેલો જણાય છે. મોટાભાગના પંડિતયુગીન સામયિકો ખુબ જ અનિયમિત રીતે પ્રકટ થતાં હતાં. વળી, સાહિત્યની ઉંડી પર્યેષણા કરતાં આ સામયિકો નો પ્રભાવ સાહિત્યવર્ગ સુધી-સાક્ષરો સુધી જ સીમિત રહયો હતો. મણિલાલ ત્રિવેદી પણ 'પ્રિયંવંદા' જેવું સ્ત્રી-વિષયક વ્યાપક વિચારણા કરતું સામયિક શરુ કરીને અંતે તો 'સુદર્શન'માં જઈને ઠરે છે. પાંડિત્યની આ વિલક્ષણ પ્રભાવકતા વીસમી સદીમાં જન્મેલા નવાં સામયિકોએ પ્રકાશવર્તુળની બહાર ખસેડી દીધી. પાંડિત્યભરી શૈલી અને એ તરફ જતાં ગહનતર વિષયો તજીને આ સામયિકો જનસમાજ સુધી સાહિત્યને લઈ જવાની મથામણો કરતાં જોવા મળે છે. સાહિત્યનો વ્યાપ-વિસ્તાર સાધવા માટે પ્રજા સમસ્તને નજર સમક્ષ રાખવાનું વલણ તો ગાંધીજી નાં આગમન પહેલાથીં જ ગુજરાતમાં શરુ થઈ ચૂકયું હતું. 'વીસમી સદી' સામાન્ય જનસમાજ સુધી પહોંચતું થાય એ માટે રસપ્રેરક વાચન ઘડવા હાજીએ પુરુષાર્થ આરંભ્યો તો ગાંધીજીની સાદગીભરી ભાષાના જાણે કે પૂર્વાવતારરૂપ 'સાહિત્યે' 'આમવર્ગનું માસિક' કહીને પોતાની ઓળખ આપી હતી. 'ગુજરાત' અને 'પ્રસ્થાન' નું એક એક પગલું પ્રજાકિય પરિકળોને ચીંધવા પ્રયત્નશીલ રહયું છે. આમ, વિષય નિરુપણની દ્રષ્ટિએ રચાતો નવો વળાંક ઉત્સાહજન્ય વાતાવરણમાં વિકાસ સાધી રહેલા પત્રકારત્વ ક્ષેત્રે નવાં જ પરિમાણો પ્રકટાવે છે.

સામયિકો એ પોતપોતાના ઘડેલા ઉદ્દેશો અને મૂળભૂત હેતુઓ પર એક નજર નાંખતાં પણ સમજાશે કે આ ગાળાનાં સામયિકોનું વલણ પ્રજાસમસ્ત સુધી જવાનું રહયું છે. 'વીસમી સદી'માં પ્રકટ થતાં વિવિધ વિષયો પરના લેખ, 'સાહિત્ય'માં પ્રકટતા મીલકામદારોનાં પ્રશ્નોથી માંડીને કન્યાકેળવણી પરના અમાપ વિષયો કે 'પ્રસ્થાન'ની આરોગ્ય વિષયક લેખમાળા આ અભિગમનાં દ્યોતક છે. આમ, આ ગાળામાં સામયિકોએ માનવવિદ્યાઓનાં અનેક વિષયોને પોતાના પૃષ્ઠો પર પ્રસારવાનો અનોખો પ્રયોગ હાથ ધર્યો. વસ્તુતઃ સાહિત્ય કેન્દ્રમાં હતું પરંતુ એ સાથે

અન્ય ક્ષેત્રોને પોતાના વર્તુળમાં સમાવવાનો આ પ્રયત્ન 'પ્રજાસમસ્ત)ને ધ્યાનમાં રાખવાનો જ હોઈ શકે એટલે એક અર્થમાં કહીએ તો ત્ર વ્યાપક વર્ગને વાચનાભિમુખ કરવાનું, સાહિત્ય પ્રત્યેના વલણને ઘડવાનું અને નવાયુગની આબોહવાને ઝિલતાં સાંસ્કૃતિક મૂલ્ય નિષ્ઠા ઉપસાવવાનું કાર્ય આ સામયિકો આરંભે છે. માત્ર યુનિવર્સિટીમાં દીક્ષા પામેલા વર્ગને બદલે વ્યાપક સાહિત્ય પ્રત્યે અભિરુચી કેળવે એવા પ્રયત્નો 'વીસમી સદી', 'સાહિત્ય','ગુજરાત', 'કૌમુદી' અને 'પ્રસ્થાન'નાં સ્પષ્ટ ધ્યેય બનતા જાય છે. 'વીસમી સદી'ની લોકચાહના તો 'સદી'ને વાંચવા માટે, મજૂરવર્ગની મંડળીઓ ઊભી થયેલી એ પરથી આંકી શકાય એમ છે. તો એક બે દિવસના ભાડાપેટે પણ આ અંકો વંચાઈને મૂળ માલિકને સોંપવાના ઉદાહરણો મળે છે. પરંતુ વાંચન પ્રત્યેનો એક નવો તાજગી સભર ઉત્સાહ આ હદે અન્ય સામયિકો માટે અનુભવાયો નથી. સામયિક ખરીદીને વાંચો- એવી બૂમ તો છેક 'માનસી'માં વિજયરાય પાડે છે. પણ એ પહેલા ગામેગામ સ્થપાઈ રહેલા પુસ્તકાલયો અને આ વાચનમંડળીનું ચિત્ર જેમ નવા વાચન પ્રત્યેની વધતી અભિરુચીને દર્શાવે છે તેમ સાહિત્યકળા પ્રત્વેની આપણી નિરાશાજનક સ્થિતિનું ચિત્ર પણ ઉપસાવે છે.

o <u>સામયિક આદર્શો અને ધોરણો</u> :

'વીસમી સદી' ના પૂવાર્ધનાં આ સામયિકોમાંથી મોટાભાગનાં સામયિકોનો આદર્શ જ'વસન્ત' કે 'બુધ્ધિપ્રકાશ' જેવા પરંપરિત સમૃધ્ધ ગુજરાતી સામયિકો ને બદલે પશ્ચિમનાં સામયિકો હતા. 'નેશ' માસિકના પ્રસંશક હાજી મહંમદ ગુજરાતીમાં 'સ્ટેન્ડ', 'પીયરસન' કે 'નેશ' માસિક જેવી બ કળાસિધ્ધિ પ્રકટ કરવા ઝઝુમે છે. 'ગુજરાત'નો રસઆદર્શ ગુજરાત પ્રદેશની અસ્મિતા પ્રકટ કરવાનો રહયો હોવા છતાં મુનશીનો આદર્શ તો 'કલા ખાતર કલા' ને પ્રયોજવાનો જ રહયો છે. પશ્ચિમની વિવેચનાના રંગે રંગાયેલા એવા વિજયરાય 'કૌમુદી' પછી 'માનસી'માં અંગ્રેજી સામયિકોનું અનુસરણ કરે છે. વિજયરાય પોતાની 'વાસરિકા' નોંધમાં જણાવે છે તેમ 'ક્રાઈટેરિયન' (તંત્રી ટી. એસ. એલિયેટ) 'કૌમુદી'નું કેટલેક અંશે પ્રેરણાહાર બન્યું છે. અને બાકીને કેટલાક અંશો પણ ૧૯૧૯માં નીકળેલા

'લંડન મરકયુરી' માંથી એમને પ્રાપ્ત થાય છે.'મોર્ડન રીવ્યુ' જેવા માસિકની ખોટ ગુજરાતમાં પૂર્ણ કરવા રા. વિ. પાઠકનું 'પ્રસ્થાન' શરુ થયેલું. અહીં પ્રશ્ન થાય કે પાશ્ચાત્ય સામયિકોના પ્રભાવ તળે જવામાં કયા કારણો રહયા હશે? એ સમયગાળાનાં પ્રસિધ્ધસાક્ષરો સામયિક પ્રવૃતિમાં કાર્યરત હતા એ સામયિકોની પરંપરા સ્વીકાર્ય કરવાને બદલે પાશ્વાત્ય સામયિકનું મોડેલ સામે રહયું છે એમાં પ્રજામાં જાગેલી નવી નવી માહિતીઓ, રોમાંચક અહેવાલો-જ્ઞાનપ્રસાર કરવાની જિજ્ઞાસા કેન્દ્રમાં રહી છે. રેલવે સેવા, વિકસતા પુસ્તકાલયો, યુનિવર્સિટી શિક્ષણ અને અંગ્રેજપ્રજાની વિચક્ષણ કાર્યપધ્ધતિ સમગ્ર ભારતમાં જે નવસંચાર જગાવે છે એમાં આપણી સામયિકપરંપરાને રંઢ માળખાથી બદલવાનું -નવીન વિષાયોથી વાચકોને ચકિત કરવાનું સામયિકોનું લક્ષ્ય બને છે. હાજી મહંમદ રંગીન પ્રિન્ટ અને મુદ્રણ મુંબઈમાં ઉપલબ્ધ ન થતાં તો એ સમયે પૃષ્ઠો છેક કલકત્તા છપાવવાનું દરમાસે સાહસ ખેડે છે. લેખકોને પુરસ્કાર આપવાની વાત મનમાં રમે છે. સર્જકોની શકિતને પારખી ગુજરાતી સાહિત્યમાં પણ બનાર્ડ શો કે જી. કે. ચેસ્ટર્ટન ઉભા કરવાની ઝંખના પણ સેવવામાં આવી. પરદેશની વિકસિત ચિત્રકળાને ભારતીય વાધા પહેરાવી રજૂ કરવાનાં પ્રયત્નો પણ આ દિશાનાં હતા. જેમ અનેક સાહિત્યસ્વરુપોનો આદર્શ પશ્ચિમનું સાહિત્ય રહયુ છે તેમ સામયિકનાં રૂપરંગ (લે-આઉટ-ડિઝાઈન) અને સામયિકનો હોવો જોઈતો આદર્શ આપણાં સામયિકો સ્વીકારે છે. પરંતુ એનો અર્થ એમ પણ ન લઈ શકાય કે આ તમામ સામયિકો પશ્ચિમનાં સામયિકોનું અનુકરણ માંડે છે. આપણી પરંપરાને આત્મસાત્ કરતા જઈ એમના પ્રકટ ગુણોને પશ્ચિમની યોગ્ય નીતિ-રીતિ અનુસાર વિકસાવવાનો, પ્રમાણાવાનો સાન્વયશીલ અભિગમ સામયિકોમાં પ્રસ્તુત થયા કર્યો છે. સંસ્કૃતિને, અસ્મિતાને પ્રકટ કરવાની 'ગુજરાતની ખેવના' 'માનસીના વિવેચનો અને સાહિત્ય આદર્શોની મથામણો કે 'પ્રસ્થાન'નાં 'દ્રષ્ટિપૂતં ન્યસેત પાદમ્' જેવા ધ્યેયમંત્ર નિતાંત ગુજરાતી રહયા હોવા છતાં પશ્ચિમનાં વિકસિત પત્રકારત્વનો આદર્શ ગુજરાતી પત્રકારત્વને હંમેશા સજાગ રાખતો થયો હશે એટલું ચોકકસ.

○ સામયિક પરંપરા અને સંપાદકો :

આ સામયિકોને એક લાભ એ પણ મળ્યો ગણાય કે 'સદી' સિવાયનાં તમામ સામયિકોનાં તંત્રીઓ પત્રકારત્વનાં ક્ષેત્રમાં ઘડાયેલા છે. 'ગુજરાત'નાં મુનશી પ્રકટપણે કયાંયે સામયિક સાથે સંકળાયેલા ન હોવાં છતાં ધારાવાહી નવલકથા નાં એક ઉત્તમ સર્જક તરીકે વર્તમાનપત્રો અને સામયિકો સાથે એમનો અંતરંગ સંબંધ જોડાયેલો રહયો. હાજીનાં આવાસે જામતી સર્જકોની મંડળીમાં મુનશી એક હતા. પ્રત્યક્ષારુપે હાજીની પ્રેરણા જ 'ગુજરાત'નું કારણ બન્યુ હતું. સાહિત્યના સ્થાપક હરગોવિંદદાસ કાંટાવાળાએ 'વિજ્ઞાનવિલાસ'ને સ્થિર કરવામાં તંત્રીરુપે મોટી જવાબદારી સંભાળેલી. વિજયરાય તો ઉમરવાડિયા સાથે 'ચેતન'નો અને 'મુનશી' સાથે ગુજરાતનો' બહોળો અનુભવ ધરાવતા સંપાદક હતા. રામનારાયણ પણ 'પુરાતત્વ', સાબરમતી' અને'યુગધર્મ'માં પરોક્ષારુપે સંકળાયેલા હોવાને કારણે સામયિક સંચાલન અને સામયિકની ભૂમિકા માટે જરુરી એવી જવાબદારી કેળવાયેલી છે સામયિકનાં વિષયવસ્તુથી માંડીને એમના આર્થિક પાસા સુધીના તમામ અંગોને આ કેળવાયેલી નિષ્ઠાનો લાભ મળ્યા કર્યો છે. જો કે એ સમયગાળાનાં ગુજરાતી સાહિત્ય પર ચિરસ્થાયી અસર મૂકી જનારા આ તંત્રી અને સંપાદકોએ પોતાના સામયિકમાં તંત્રીલેખ દ્વારા વાચકો સમક્ષાથે સંવાદનો મહિમા કર્યો ન હતો. (અપવાદ-'સાહિત્ય') પહેલે પાને કોઈ જીવનવિચારને, સૂત્રને મૂકવાની પરંપરાને એ આગળ ધપાવતા જણાય છે. 'ગુજરાત','વીસમીસદી','પ્રસ્થાન' કે 'માનસી' માં એ પધ્ધતિ પ્રચલીત છે. જીવન પ્રભાવક એવી સૂત્રાત્મક શૈલીના રજકણો અને સુકિતઓનો પ્રભાવ એટલો ઘેરો છે કે ધૂમકેતુ અને ર. વ. દેસાઈ જેવા સર્જકો મટી જઈને ધર્મગુરુની ભૂમિકામાં પ્રવેશે છે. 'સાહિત્યમાં' અનેક વિષાયો પર લખાયેલી નિયમિત નોંધ એ સમયગાળાનો સંદર્ભ બનીને આપણી સમક્ષામે આવે છે. વિજયરાય 'માનસીવૃત'માં વાચકો સાથે સીધો જ સંવાદ કરે છે પરંતુ એમાુ 'માનસી'ની ડામાડોળ આર્થિક પરિસ્થિતિનું જ બયાન છે. એક સામયિકને સહેવી પડતી આર્થિક વિટંબણાઓ અને અપરંપાર મુશ્કેલી રજૂ કરતા એ હિસાબો, દાતાઓની નાંધ રોચક જરુર લાગે છે. 'માનસીની' વ્યવસ્થાનો એ રોમાંચક અહેવાલ પણ બને છે

છતાં તંત્રીઓ કોઈ સાહિત્ય વિષયક ઠોસ વિચાર દરમાસે રજૂ કરતા હોય એવું પ્રશસ્ય વલણ આ સામયિકોમાં જોવા નથી મળતું.

o સચિત્રતાની છોળ :

સર્વસામાન્ય વાચકમાં સાહિત્ય વિશે જિજ્ઞાસા જગાડવાનાં, પ્રસારને શક્ય બનાવવાનાં હેતુસર હાજીના 'વીસમી સદી' એ જે ચિત્રાત્મકતા સામયિક પાને રેલાવી હતી એ આદર્શને વળગીને સાહિત્યમાં 'પિકચોરિયલ પિરિયોડીકલ્સ' ની પરંપરા આપણે ત્યાં અસ્તિત્વમાં આવી. એ અગાઉના સામયિકોમાં તસવીરેર કે સ્કેચથી સંતોષ મનાતો રહયો હતો. પરંતુ સામયિકોની ડિઝાઇન ચિત્રાત્મક હોય એવું 'સદી' થી બન્યુ. 'કુમાર', 'શારદા'માં ચિત્રોને ખાસ્સુ મહત્વ અપાયું છે. ત્રિરંગી કે દ્વિરંગી મુખપૃષ્ઠ રચના, લેખ કે વાર્તાના શીર્ષકો સાથે ચિત્રિત ડિઝાઈન અને લેખ, વાર્તા, નવલકથાના પાત્રોને રજૂ કરતા વિવિધરંગી ચિત્રોનો જાણે કે ઉછાળો આવ્યો. આને કારણે એ સામયિકો બેહદ લોકપ્રિયતાને વર્યા. મુદ્રણકળાની ઉપસેલી સભાનતાને લીધે મુદ્રણ દ્રષ્ટિએ આ સામયિકો સાફ સુથરા અને આકર્ષક દેખાવા લાગ્યા. સાથોસાથ ચિત્રકળા અને લલિતકળાઓ પરત્વે ધ્યાન દોરવાનું પણ આ કારણ શક્ય બન્યું. ચિત્રકારોને ગુજરાતની કળા દર્શાવવાની તક પ્રાપ્ત થઈ. રવિશંકર રાવળથી માંડીને કનુ દેસાઈ, પુરંધર અને પુરુષોત્તમ જેવા અનેક ચિત્રકારો જ નહીં પણ રવીન્દ્રનાથનાં 'શાંતિ નીકેતન' નાં પ્રભાવે બંગાળનાં પણ કેટલાક ચિત્રકારોનાં નામ ગુજરાતી વાચક જાણવા લાગ્યાં. સર્જન પ્રકાશનો પાછળ નહી ખર્ચાતી હોય એટલી રકમ ચિત્રાત્મકતાના વિધવિધ અંશોને રજૂ કરવામાં ખર્ચાવા લાગી. આમનું સીધું જ પરિણામ એ આવ્યુ કે 'સદી' જેવું સામયિક ૧૯૨૦ના સમયગાળામાં ૪૦૦૦ જેટલા ગ્રાહકોનો આંક વટાવી ગયું. લંડનનાં મ્યુઝિયમમાં અને 'વ્હિલર સ્ટોલ' પર પણ એ દેખાવા લાગ્યું. પરંતુ આ કારણે સામયિકની આર્થિક વિટંબણા દૂર થાય એવો ચમત્કાર સર્જી શકાયો નહીં. એકરંગી, દ્વીરંગી અને ત્રિરંગી ચિત્રો, આર્ટપેપરના અસહ્ય ખર્ચને કારણે હાજીને પોતાના બે ભવ્ય મકાનો વેચવાનો વખત આવ્યો અને મુનશીએ પણ હજારો રુપિયા 'ગુજરાત' પાછળ

ખર્ચ્યાં. આર્થિક બાબતને જરા દૂર રાખીને વાત કરીએ તો સર્જનનાં શુધ્ધ હેતુને પોષવાને બદલે સામયિકો આકર્ષક જરૂર બન્યા પણ આ ચિત્રકળાના આવેશમાં સાહિત્ય તત્વને સહન કરવાનું વારંવાર બન્યું છે. જો કે માનસીમાં તસવીરો અને રેખાંકનો સિવાય કોઈ ચિત્રાત્મતા નહોતી. 'પ્રસ્થાન'ને ચિત્રાત્મક બનાવવાની રજૂઆત હૌંશભેર કરવામાં આવે છે પરંતુ એ ચિત્રાત્મકતાને પોષી શકે એવા ગ્રાહકોના અભાવને ધ્યાનમાં લઈને તંત્રીએ વ્યવહારું દષ્ટિ દોડાવવી પડેલી. 'સાહિત્ય'માંતો પ્રથમથી જ સાવધાની વરતીને 'ચિત્રાત્મકતા'ને એકબાજુએ મૂકવામાં આવી હતી. ચિત્રોની અતિશયતાને કારણે 'સદી'નું લવાજમ છ રુપિયાથી વધીને દસ રુપિયા- પછીબાર રુપિયા અને ગુજરાતનું લવાજમ છ રુપિયાથી આગળ જતા આઠ રુપિયા થયું હતું. ત્યારે ભાગ્યેજ એકાદ રેખાંકન કે તસ્વીર આપનારા સાહિત્યનું લવાજમ વધી વધીને પણ સાડા ત્રણ રુપિયા સુધી થયું હતું. કળા વિષાયક ચિત્ર સામગ્રીથી ખચિત એવા સદી અને આમાના પ્રેરણા લેનારા 'ગુજરાત' અને 'નવચેતન'ની પરંપરા કેમ આગળ ન વિકસી શકી? જવાબ સ્પષ્ટ છે. સામયિકને પાછેઝો એવા વાચકોનો સતત અભાવ અને એમના પરિણામે ઉદ્દભવતી આર્થિક વિટંબણાઓ.

o સામયિકો અને લેખકવર્ગ ઃ

સાઈઠથી એંશીપાનાની સામગ્રી અને ડબલક્રાઉનમાં પ્રસિધ્ધ થતાં મોટા ભાગનાં આ સામયિકો (અપવાદ 'માનસી') પ્રસિધ્ધ થનારા આગામી અંકની સામગ્રી નોંધ અનુક્રમણિકા રુપે પ્રકટ કરતા જોઈને આજે તો સાનંદાશ્ચર્ય થાય છે. એ પધ્ધતિમાં દેખીતી રીતે જ આજનાં વર્તમાનપત્રોનસ 'આવતીકાલની પૂર્તિના આકર્ષણો' જેમ વાચકોને આકર્ષાવાનો પ્રયત્ન રહેલો જણાય છે. એક સામયિક પ્રકટ જ થતાની સાથે આવનારા અંકની સામગ્રી સૂચિ આપે છે ત્યારે તંત્રીની સામયિક પ્રત્યેની ધગશ અને ખેવના પ્રત્યે પણ આદર ઉપજે છે. એ અંકોની સામગ્રી સૂચન પણ કરી જાય છે કે સામયિકોમાં સામગ્રીની ખોટ ન વરતાવવા અને આ તંત્રીઓ કેવા કેવા રોમાંચિક તબકકાઓમાંથી પસાર થયા છે.ઉ હાસ્યલેખક ઓલિયા જોશી આસન જમાવીને બોલવા માંડે અને હાજી એ હાસ્યધારાને કાગળ પર ઝિલતા જાય. આમ, બે-ત્રણ હાસ્યલેખો ઓલિયા જોશી પાસે બોલાવવામાં આવે ! રામનારાયણ પાઠક 'દ્વિરેફ' નામે

'પ્રસ્થાન'માં જગ્યા પૂરવા ફરજિયાત વાર્તાક્રમનું બયાન આપે છે. તો રામનારાયણ સત્યાગ્રહની પ્રવૃત્તિ હેઠળ જેલમાં જતાં બળવંતરાયને લેખમાળા શરુ કરવાની વિનંતી કરવામાં આવી હતી. જેના પ્રતિભાવ રુપે બળવંતરાયે 'અર્વાચિન કવિતાનાં વહેણોનો પરિચય ગુજરાતને આપ્યો હતો. આમંત્રિત લેખકોથી માંડીને સામયિકો ઉપર ઢગલાબંધ લખી મોકલતા નવોદિતોની કૃતિનો 'કૌમુદી', માનસી' કે 'પ્રસ્થાન' માં કડક પરીક્ષણ બાદ પસંદ કરવામાં આવતી. જેમાં ઉત્તમને સત્કારવાનું વલણ જ કેન્દ્રમાં રહ્યું છે. આ તમામ સામયિકો સાથે સાક્ષરો, વિદ્વાનોનું કોઈનું કોઈ જૂથ સંકળાયેલું રહ્યું છે, જેનાથી ધારેલી સામગ્રી તંત્રીઓને પ્રાપ્ત થઈ છે તેમ ઉત્તમ સામગ્રી ને મેળવવા માટે આજની પ્રવર્તમાન મુશ્કેલીઓનો સામનો એ તંત્રીઓને સદ્ભાગ્યે કરવાનો આવ્યો નથી.હાજીનાં નિવાસે મળતી મંડળીમાં અનેક સર્જકો નિયમિત આવતા 'ગુજરાત' પાસે સાહિત્યસંસદનાં અનેક પ્રાણવાન લેખકોની મંડળી હતી. 'સાહિત્ય' પણ ખબરદાર, ભોગી-દ્રાવ જેવા સાક્ષરો સાથે સંકળાયેલા રહ્યા. વળી, નવા યુગને ઝિલવાનો, રાષ્ટ્રિય વાતાવરણમાં સ્ફુરેલા નવચૈતન્યને અભિવ્યક્ત કરવાનો ઉમળકો અનેક નવોદિતોને સામયિક પ્રત્યે આકર્ષે છે. અનેક સ્ત્રી લેખિકાઓની નબળી કૃતિઓ પણ ખાસ નોંધ સાથે પ્રકટ થતી રહી એના મૂળમાં પણ નવા યુગમાં સ્ત્રી ભાવનાને સત્કારવા નો વિશેષ ઉત્સાહ દેખાય છે.

o <u>ધારાવાહી નવલકથાઓનું વલણ</u> :

'સદી','સાહિત્ય', 'ગુજરાત' અને 'કૌમુદી'માં ધારાવાહી નવલકથાનું ચલણ જોવા મળે છે. એ સમયગાળો જ એવો હતો કે સાપ્તાહિક સાહિત્યિક સામયિકમાં પ્રકટ થતી નવલકથા પર એની લોકપ્રિયતાનો ખરો યશ અંકાતો. હાજી મહંમદ તો મુનશીની નવલકથા 'રાજાધિરાજ' સદી'માં પ્રકટ કરવાની સાથે મુનશીની આગામી પાંચ નવલકથાઓના હકક ખરીદી લેવા તત્પર થયા હતા ! પંડિતયુગ પછી પ્રકટ થયેલી નવલકથાનાં કૌતુકરાગી વલણો, ભવ્ય અસ્મિતાના ગાન પ્રજાસમસ્તને ઘેલું લગાડવાના પૂરતી હતી. એમાં ગાંધી ભાવનાને

નો આદર્શ ઘૂંટાયો. આમ, ધારાવાહી નવલકથાઓને પ્રકાશિત કરવાની નીતિએ મુકબાજુએ સામયિકોને લોકપ્રિય તો કર્યા જ હતા. સાથો સાથ નવલકથાને સ્વરુપગત ઘડવાનું, સંજ્જ થવાનું તે વાહન બન્યા. મુનશી અને ર. વ. દેસાઈ જેવા અનેક લેખકો આપણા ગુજરાતી સાહિત્યમાં પ્રસ્થાપિત જ નથી થયા બલ્કે, નવલકથાનું એક નવું પરિમાણ ઉપસાવી આપવામાં પણ સફળ બન્યા. જો કે આ પરંપરા 'સાહિત્ય', 'માનસી' કે 'પ્રસ્થાન'માં વિકસી નથી. ધારાવાહી કથાની તેમજ લેખકોની મર્યાદાઓ, સામયિકોની ગજાપરાંત પુરસ્કારો આપવાની લાચારી અને વિવિધ સાહિત્ય સ્વરુપોના વિકાસને કારણે આજે તો સાહિત્યના સામયિકોમાંથી ધારાવાહીકથાઓનો દેશનિકાલ થયો છે તે છતાં, આજે પણ લોકરંજક સામયિકો અખબારી પૂર્તિઓમાં ધારાવાહીનું પ્રભુત્વ ટકી રહ્યું છે. આ સુદૃઢ પરંપરાને આપણા સાહિત્યિક સામયિકોએ છાપાળવી કહીને અવગણી છે. એનાં કારણોમાં ન ઉતરીએ તોયે કહેવું જોઈએ કે એ સમયગાળાના સામયિકોમાં ધારાવાહી નવલકથાનો એક ચોક્કસ વાચકવર્ગ હતો.

o <u>ગુજરાતી ભાષાને ઘડવાની મથામણો</u> :

ગુજરાતી ભાષાના સ્વરુપગત લક્ષણોથી માંડીને જોડણીની એકવાક્યતા અને લિપિ સુધાર જેવા અનેક પ્રશ્નો ચર્ચીને ગુજરાતી ભાષાને સમૃધ્ધ દિશાએ લઈ જવાનું કાર્યું આ સામયિકો ધ્વારા થતું રહ્યું છે. જે -તે સમયગાળાના સામયિકો તે-તે સમયની રુઢ ભાષાને પ્રયોજતા જોવા મળે છે. એમાં પ્રકટ થતાં સાહિત્યના જુદા જુદા સ્વરુપો, વિવેચનો અને અન્ય લખાણોમાં પણ એ સમયની ગુજરાતી ભાષાનું સીધું જ પ્રતિબિંબ છે. તળપદી ભાષાને જ પ્રયોજવાનાં 'સાહિત્યના વલણનો ઉગ્ર પ્રત્યાઘાત વિજયરાયે 'સાહિત્ય'ને 'ગામઠી' કહીને આપેલો. નરસિંહરાવ, કેશવધ્રુવ, આનંદશંકર તેમજ બળવંતરાય, કિશોરલાલ મશરુવાળા અને રામનારાયણપાઠક જેવા વિધ્વાનોએ ગુજરાતી ભાષા વિષાયક અનેક વિચારણાઓ જુદા જુદા સામયિકોમાં મૂકી આપી છે. ભાષાની એક સર્વગ્રાહ્ય જોડણી સ્વીકારી શકાય એવો ઉહાપોહ લગભગ તમામ સામયિકોમાંથી મળી આવશે. વળી, આજ સમયમાં ગુજરાત વિદ્યાપીઠ ધ્વારા 'સાર્થ જોડણીકોશ'ની ભેટ ગુજરાતને મળે છે જે ગુજરાતી ભાષા વિશે વિકસતી રહેલી આપણી સભાનતાનું નિર્દેશન આપે છે.

○ <u>સમકાલીન વાતાવરણનો પ્રભાવ</u> :

૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી દેશમાં પાછા ફરેલા ગાંધીજીની અસહકાર અને રાષ્ટ્રીય ચળવળનો પ્રભાવ સામયિકોમાં પ્રકટ થયા વિના રહયો નથી. એ અગાઉના વર્ષોમાં યુરોપની ઔદ્યોગિક સિધ્ધિઅને ઉદ્યોગોના વિકાસનું પરિબળ પણ સામયિકને અસરકર્તા બને છે. 'સદી','ગુજરાત', માં પ્રકટ થયેલા ઉદ્યોગ વિષયક, યંત્રસામગ્રી અને વૈજ્ઞાનિક શોધખોળનાં શોધકર્તા વિષયક લેખો આ પ્રભાવ ની અસર દર્શાવે છે તેમ રાષ્ટ્રિય પુનરુત્થાનનાં સમયગાળામાં સમગ્ર ભારતમાં પ્રવર્તતી દેશોધ્ધારની ભાવનાનો સૂર સામયિક પણ ઝિલે છે. મુનશી, રામનારાયણ પાઠક જેવા તંત્રીઓ તો પ્રત્યક્ષ સ્વરુપે આઝાદી ચળવળમાં ભાગ લઈ જેલવાસ વેઠે છે. આ કારણે સામયિકની વસ્તુ સામગ્રીમાં દેશપ્રેમ, ગાંધીભાવનાને મૂર્ત કરતી વાર્તાઓ, કવિતાઓ અને આ પ્રવૃત્તિના હિતાહિત જોતી લેખમાળાઓ આરંભાય છે. ન્હાનાલાલ ની રચના 'ગુજરાતનો તપસ્વી' કે ર. વ. દેસાઈની નવલકથા 'ભારેલો અગ્નિ' આ આદર્શોને વ્યકત કરવાનું સીધુ જ પરીણામ છે ને ! અસંખ્ય રચનાઓમાં પ્રકટતી રાષ્ટ્ર અને ગાંધીભાવનાથી સામયિકો ઉભરાય છે ખરા પરંતુ વિશેષરુપે પ્રકટતી રહેતી સાહિત્યવિષયક વિચારણાઓ એમનું સાહિત્યિક વિત્ત જાળવી રાખવા માટે ખપમાં લાગે છે. આ તમામ સામયિકોમાં ગાંધી ચળવળને વિસ્તારથી ચર્ચવાનું કે એ વિશે ટીકા-ટીપ્પણ કરવાનું જવલ્લે જ બન્યું છે.

○ <u>અનુવાદો</u> :

રાષ્ટ્રિય ભાષા તરીકે હિંદી ભાષાને ગણાવવાની હિલચાલે આપણા સામયિકોમાં હિંદી ભાષાના પ્રેમચંદ, વિશ્વંભરનાથ જજ્જા તેમજ અન્ય સર્જકો ને આપણા ઘરઆંગણે પહોંચાડી આપ્યા છે. 'પ્રવાસી' અને 'હંસ' જેવા જુદા જુદા પરપ્રાંતીય સામયિકોમાં પ્રકાશિત થયેલા લખાણોને તમામ સામયિકોએ સ્વીકાર્યાં હતાં. રવીન્દ્રનાથના પ્રભાવે બંગાળના સુપ્રતિષ્ઠિત સર્જકોની રચનાઓ ના અનુવાદો પ્રકાશિત થવાં લાગ્યા. અંગ્રેજી ભાષાની ટૂંકી વાર્તાઓ, કાવ્યો અને અન્ય સર્જન વિષયોનાં અનુવાદો ગુજરાતી સામયિકોમાં પ્રથમથી જ પ્રકટ થતાં રહેલા. એક સમયગાળો તો એવો રહયો છે કે જેમાં ભાગ્યે જ કોઈ સામયિક

અનુવાદ વિના પ્રસિધ્ધ થતું. જેમ અનુવાદના કારણે અનેક ભાષાઓમાં અવરજવર કરવાની, સાહિત્યનાં વિશાળ મર્મને અવગત કરવાની શકયતાઓ ઉઘડે છે તેમ આપણે ત્યાં અનુસર્જનો આપનારો વર્ગ પણ અસ્તિત્વમાં આવે છે. સામયિકો નાં અનુવાદમોહને જોઈ મુનશી એટલે જ કહેવા લલચાય છે કે : ' માત્ર અનુવાદો પાછળ શકિત અને સંપત્તિ વેડફવાથી કોઈ ફાયદો થવાને નથી.' ઓસ્માનિયા યુનિવર્સિટીએ અનુવાદો પાછળ વેડફેલી સંપત્તિનું ઉદાહરણ આપી મુનશી આપણા સર્જકોને યોગ્ય રીતે જ સ્વમથામણો પ્રકટ કરવાની શીખ આપે છે. તે છતાં કહેવું જોઈએ કે પ્રકટ થતાં હિંદી, બંગાળા અને અંગ્રેજી સામયિકોમાંથી અનુવાદો કરવાનું,'સૂચિત' સામગ્રી મેળવવાનું અને કયારેક તો તફડાવી લેવાનું એ હાથવગુ સાધન રહયાં છે.

o <u>લેખકોની વિકાસની દિશામાં સામયિકોની પ્રેરકતા</u> :

એકરીતે સામયિકો સર્જકોને વ્યકત થવાનું આગવું માધ્યમ બન્યા તો બીજી દિશાએથી એ સામયિકો સર્જકોને વિકસાવવાની, પ્રોત્સાહક વાતાવરણ પૂરું પાડવાની જવાબદારી નિભાવવા પ્રયત્નશીલ રહયા છે. કેટકેટલાક નૂતન સાહિત્ય સ્વરુપોનો આવિષ્કાર અને એ પછી ક્રમશઃ વિકાસ સામયિકો ધ્વારા શકય બન્યો છે !'સદીમાં ૧૯૧૮નાં અંકમાં મલયાનિલનીવાર્તા'ગોવાલણી' ટૂંકી વાર્તાનું પ્રસ્થાન બને છે તેમ નિબંધોનાં પ્રવાસ, હાસ્ય, ચરિત્ર જેવા સ્વરુપો સ્કેચ, સંવાદ, સબળ-વિનોદી, કટાક્ષકાવ્યો, પ્રતિકાવ્યો, નાટક, ચરિત્રો અને સ્મૃતિકથાઓ , પત્રસાહિત્ય, જીવનકથા અને ડાયરીઓને આલેખવાના અનેક પ્રબળ ઉન્મેષો સામયિકપાને પથરાયેલાં છે. મુનશી, ન્હાનાલાલ, બટુભાઈ નરસિંહરાવ, ઠાકોર, ચન્દ્રવદનથી માંડીને અનેક નવોદિત સર્જકો આ સામયિકોના મંચ ધ્વારા પ્રજા સમક્ષ પહોંચ્યાં. સાહિત્ય સ્વરુપોની પ્રયોગશીલતા ને ચીંધતા અનેક સર્જનો સામયિકપાને મળી આવે એમ વિવેચનની પરિભાષા ઘડવાનાં, વિવેચનનાં સંપ્રત્યયો ઘડવામાં આ સામયિકોનો વિશેષ ફાળો રહયો છે. વિજયરાય રામનારાયણ એ સમયગાળાના દ્રષ્ટિવંત વિવેચકો છે એ કારણો વિવેચનની શાસ્ત્રીયતાને ચોકકસ દિશા સાંપડી છે. ડોલરરાય માંકડ, ર.છો. પરીખ, વિશ્વનાથ ભટ્ટ, અનંતરાય રાવળ, ઠાકોર, નરસિંહરાવ, વિષ્ણુપ્રસાદ

જેવા વિવેચકોની એક આખીય પેઢી પાસેથી લવું જોઈતું હતુંકામમા સામયિકો લઈ શકયા. ભાષા અને જોડણી વિષાયક વિચારણા કરતાં નરસિંહરાવ અને અન્ય વિદ્વાનો, સંસ્કૃતિ અને મધ્યકાલીન સાહિત્ય વિશે સંશોધન કરનારા કૃ.મો. ઝવેરી, હરગોવિંદદાસ કે દુર્ગાશંકર શાસ્ત્રીને સામયિકો દ્વારા જ પ્રકટ થવાનો અને સમગ્ર સમાજવિકાસના અર્કને પ્રગટ કરવાની તક સાંપડે છે. 'કલા ખાતર કલાને પ્રયોજવાના, જીવનને કેન્દ્રમાં રાખી સાહિત્ય રચવાના, વિવેચન શાસ્ત્ર કે સર્જન ?, સંગીતકવિતા, અગેયપદ્યનાં ખ્યાલ જેવા અનેક નોંધનીય મુદ્દાઓ અને ગુજરાતી ભાષા-વ્યાકરણ વિષાયક વિચારણા સામયિક પાને અંકિત થઈને આપણાં સાહિત્ય સિધ્ધાંતોને, ભાષાને પ્રમાણવાનાં પ્રયત્નો કરતાં જણાય છે. ગુજરાતી ગદ્યને ઘડવામાં ગાંધીયુગનાં સર્જકોનો ફાળો સામયિકમાં પ્રગટતા, સંસ્કારાતા સર્જનોને કારણે જ પણ છે એ વાત હવે સૌ કોઈ જાણે છે.

○ <u>સામયિકોમાં વિભાગો</u> :

એક જ સામયિકમાં વિવિધ વિભાગોને પ્રગટ કરવાનું વલણ તમામ સામયિકોમાં દેખા દે છે પરંતુ હંમેશા બન્યા કર્યું છે તેમ કેટલાક સામયિકોમાં જ એ વિભાગોની નિયમિતતા જાળવી શકાઈ છે. જુદાં - જુદાં સામયિકોનાં અનુકરણરુપ કે સ્વતંત્રપણે શરુ કરાયેલા આ વિભાગોની બહુલતા આશ્ચર્ય પમાડે એવી છે. જીવન ફિલસૂફીથી શરુ થઈ પુસ્તક અવલોકન, પુસ્તક સ્વીકાર, સમાચારોની સંક્ષિપ્ત નોંધ, ચર્ચાપત્રો, મનનોંધ, ચોપાનિયા શું કહે છે ? જેવા વિભાગો ધ્યાન ખેંચે છે. જીવનવિચાર, પુસ્તક અવલોકન, પુસ્તક સ્વીકાર જેવા વિભાગો તમામ સામયિકોએ સ્વીકારેલા જણાય છે. સામયિક પૃષ્ઠનાં એક એક પાનાનો પૂર્ણપણે ઉપયોગ કરવાની આ મારવાડી રીતિ વધેલી ટૂંકી જગ્યામાં ટૂચકાઓ રમૂજી સંવાદો અને સુવાકયો પણ આપી દે છે. રમૂજી અને ઠઠ્ઠાકાવ્યોનો પણ પ્રભાવ વર્તાય છે.'ગુજરાત', 'સદી' કે 'કૌમુદી' સુધી રમૂજી સંવાદો ટૂચકાઓ આપવાનું વલણ પણ આશ્ચર્ય પ્રેરેતેવું છે. પરંતુ લેખને અંતે બચેલી જગ્યામાં નવો લેખ શરુ ન કરી શકવાને કારણે તેઓ આ પ્રકારની રમૂજો કે વિચારકણિકાઓનો આશ્રયે જાય છે. જે ખાસ અસરકારક બનતા નથી અને કયારેક તો મનોરંજક સામયિકની કોટીએ આ સામયિકોને લાવી મૂકે છે.

o <u>વિશેષાંકોની પરંપરા</u> :

આ સામયિકો સાથે વિશેષાંકો પ્રગટ કરવાની વિશેષતા પરંપરાનાં ફળસ્વરૂપ જોડાયેલી રહી છે. સાહિત્યસત્રો, સમારંભો અને વ્યકિતવિશેષનાં પ્રગટતા વિશેષાંકોનું પ્રધાન્ય એ ગાળામાં છલકી રહેલું. દિવાળીનાં ખાસ અંકો માટેની જાહેરખબરો અને પ્રગટ થયેલી સૂચનાઓમાં દિવાળીઅંકનું મહત્વ પ્રસ્થાપિત થાય છે. 'સદી', 'ગુજરાત' નાં દિવાળી વિશેષાંકો, વાર્તા વિશેષાંક સાહિત્ય પરિષદનાં અહેવાલરૂપ અંક, 'માનસી'નાં અપૂર્વ લેખાયેલાકલાપી, ન્હાનાલાલ અને બટુભાઈ તેમજ ધનસુખલાલ પરનાં વિશેષાંકો, 'પ્રસ્થાન' નો 'ગાંધી મણિ મહોત્સવ' અંક સામયિકોમાં વિશિષ્ટ છાપ મૂકી જાય છે. પાછળના વર્ષોમાં તો 'પ્રસ્થાન' એક જ વર્ષમાં પચાર જેટલા વિશેષાંકો આપવાની પ્રણાલી ઉભી કરે છે જેમાં વિષયવસ્તુથી માંડીને સામયિકની અનોખી રંગરૂપ રચનાનું વૈવિધ્ય જોઈ શકાય છે. વધુ પૃષ્ઠ કાળવ્યા વિના કે અંકની જે તે નિયત પૃષ્ઠ મર્યાદામાં પ્રસિધ્ધ થતાં વિશેષાંકોને વિશેષાંકો તરીકે સ્વીકારવા બાબતે એ સમયમાં ચાલેલી ઉગ્ર ચર્ચાઓ અને વાદવિવાદો મૂળે તો વિશેષાંકનાં નિસત્વપણા સામેની ફરિયાદ છે. સાહિત્ય પરિષદનાં સત્ર વિશેષાંકોમાં અહેવાલો અને વ્યાખ્યાનોને જે તે સ્વરૂપમાં પ્રગટ કર્યા કરવાનું વલણ ગતાનુ ગતિક છે. પરિષદનાં બંધારણને ઘડવા માટે ઠાકોરની 'ગુજરાત'માં ચાલેલી લેખમાળાઓ 'કૌમુદી' સામયિકની લે-વેચ અંગે મુનશી-વિજયરાય ની ઉગ્ર પત્ર ચર્ચા, સત્ર વિષયક કમિટીઓની રચના અને સાહિત્ય પરિષદનાં પ્રમુખ નિમણુંક અંગે પ્રસિધ્ધ થતાં ઉગ્ર મતમતાંતરો આ સામયિક પાને જોવાનું રસપ્રદ છે.

o <u>સામયિકની વ્યવસ્થા</u> :

સામયિકના વ્યવસ્થાતંત્રની પણ કેટલીક લાક્ષણિક બાબતો નજર સમક્ષ આવે છે. વી.પી.પી. થી સામયિકનો છેલ્લો અંક મોકલીને લવાજમ વસૂલ કરવાની પધ્ધતી એ સમયમાં મોટાભાગનાં સામયિકોમાં પ્રચલિત છે. ૧૯૧૮થી 'સદી' એ લવાજમ વધારતા હપ્તા પધ્ધતિએ લવાજમ ભરવાની સગવડ કરવામાં આવેલી. મુદ્રણશુધ્ધિની ખેવના લઈને લગભગ તમામ સામયિકોમાં બચેલી જગ્યામાં કે પાછળનાં પૃષ્ઠો પર મુદ્રણનાં દોષોને નિવારાયા છે. સામયિકનાં વિકાસ માટે જુદાં-જુદાં

શહેરોમાં વિક્રેતા પર લવાજમ મોકલવાની, એજન્સીઓ ધ્વારા લવાજમ ઉઘરાવવાની રીતિ 'કૌમુદી', 'માનસી','પ્રસ્થાન' સામયિકોમાં મળી આવે છે. વિદ્યાર્થીઓ ને, પુસ્તકાલયોને રાહતદરે'સાહિત્ય'આપવાની જાહેરાત થઈ હતી. 'પ્રસ્થાન'ની ગ્રાહક કૂપન વ્યવસ્થા પણ એ સમયગાળાની ધ્યાનાર્હ ઘટના છે. ગ્રાહકોને આકર્ષવા ભેટપુસ્તકો આપવાની પ્રણાલિકાનું એક ઉદાહરણ 'માનસી' ધ્વારા મળે છે. ૧૯૩૬ના ભેટપુસ્તકો તરીકે 'માનસી' એ'બ્રહ્મર્ષિ વસિષ્ઠ' ગ્રાહકોને મોકલવાનું નક્કી કરેલું. સામયિકો ધ્વારા નવી નવી સ્પર્ધાઓનું વલણ આ ગાળામાં પૂરજોશમાં પ્રકટતું જણાય છે. નવી કેળવણીના કારણે પલટાતી સમાજવ્યવસ્થા સામયિકો પ્રતિ મુખરિત કરવાનાં, કળા પ્રત્યે સભાન બનાવવાનાં આ પ્રયત્નોમાં અનેક વાચકોએ ઉત્સાહનો સૂર પૂરાવ્યો છે.નિબંધ, કાવ્ય, ચિત્રો અને પ્રસિધ્ધ પુસ્તકો કે લેખકોમાંથી શ્રેષ્ઠતાદર્શક સ્પર્ધાઓનું પ્રમાણ આ સામયિકોને પાને ખાસ્સુ મળી આવે છે.

સામયિકો માટે સમર્પિત એવા આ તંત્રીઓ આગળ જણાવ્યા પ્રમાણે સામયિકની આર્થિક હાલત અંગે સતત ચિંતિત રહયા હતાં. વિજયરાય જેવા તંત્રીએ તો સામયિક ટકાવવા માટે આમરણાંત અનશન પર ઉતરવાની તીવ્ર આક્રોશભરી જાહેરાત કરીને ગુજરાતી પત્રકારત્વમાં ઘટના સર્જી હતી ! લેખકોનાં પુરસ્કાર ધોરણ અંગે આ સમયગાળાનો ઉહાપોહ સામયિકપાને પ્રકટ થતો રહયો છે ખરો પરંતુ મોટાભાગનાં સામયિકો પુરસ્કારનાં વલણને યોગ્ય ગણાતા હોવા છતાં એમને આર્થિક કારણોસર અપનાવી શકતા નથી. 'સાહિત્ય' તો બેધડક રીતે વધુ રકમ આપવાની અશકિત જાહેર કરીને પુરસ્કારના ધોરણથી મોં ફેરવી લે છે. 'સદી'નાં સ્થાપક હાજી સર્જકોને પુરસ્કારવાની ઝંખના સેવે છે, પરંતુ સર્જકોને કોઈ કોઈ વાર નાની ભેટ આપીને સંતોષ માનવો પડયો છે. 'કુમાર' એ સમયમાં પુરસ્કારનું વલણ જાહેર કરે છે ત્યારે'માનસી'એ વલણને ઠગનિતી કહીને આકરી ટીકા કરી હતી. એ સમયમાં એક વલણ તો એવું રહેલું કે પુરસ્કાર પ્રાપ્ત કૃતિ પર સર્જકનો કોઈ હકક રહેતો નહી. આ કારણે કેટલાયે સર્જકોએ પુરસ્કાર લેવા બાબતે ઉદાસીન અભિગમ અપનાવ્યો હતો. 'માનસી'એ પુરસ્કાર નીતિની ઘોષણા કરેલી પરંતુ એની આર્થિક દશાને જોતા એ.શુભ આશય લાંબા સમય સુધી ચાલતો રહયો હોય એવુ જણાતું નથી.

○ વાચકોનું સીધું જ અનુસંધાન :

આ સમયગાળાની ધ્યાનાર્હ ઘટના એ પણ છે કે સામયિકો સાથે વાચકો નું અનુસંધાન સતત રહયા કર્યું છે. ચર્ચાપત્રો જેવા વિભાગે 'સાહિત્ય'ની અલગ ઓળખ ઊભી કરવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. તો પ્રસ્થાનમાં' પણ વાચકો ધ્વારા થતી ચર્ચાઓ, જ્ઞાતિ, ઈતિહાસો અને ભારતીય રીતેરિવાજો - વિધવિધ સંસ્કૃતિ વિષાયક ચર્ચાઓમાં વાચકો જે જોશ અને ઉત્સાહથી સામયિક ચર્ચામાં જોડાતા હતા એના પરિણામે સામયિક અને વાચકોનાં સાહિત્યિક સેતુ રચાતો. ધાણીની જેમ ફૂટતા તડકડીયા ભાષાનાં આ ચર્ચાપત્રોમાં સર્જકોના સર્જનો વિશેનાં અભિપ્રાયો-વલણો યથાતથ શબ્દોમાં પ્રગટતાં હોવાના લીધે કયારેક તો આ ચર્ચાપત્રો મૂળચર્ચા ભૂલી જઈને અન્ય દીશાઓ પર- વાદવિવાદો પર ઉતરી જતાં કોઈ સજાગ વાચક ગણમાન્ય એવાં સર્જકે કરેલી તફડંચીની વિગતો શોધી કાઢી પૂરાવાઓ સાથે રજૂ થતો અને સામયિકોમાં એ પ્રશ્નોનાં સમાધાનરુપે જાણે કે પત્રશ્રેણીઓ આરંભાતી. કયારેક તો તંત્રી પોતે જ ચર્ચાનું મોકળું મેદાન જોઈને એમાં કૂદી પડતો અને ચર્ચાપત્રીની ભૂમિકામાં આવીને ચર્ચા માટેનું આહ્‌વાન કરતા જણાય છે. 'સાહિત્ય' અને 'પ્રસ્થાન' માં ચાલેલી વાદ-વિવાદ ની આવી પત્રશ્રેણીઓ એ રીતે ધ્યાન ખેંચે છે.

○ સામયિક સમીક્ષાઓ :

આ સમયગાળામાં પુસ્તક અવલોકન જ નહીં પણ સમયાંતરે પ્રસિધ્ધ થતાં રહેલા અન્ય સામયિકોને અવલોકવાની પધ્ધતિ રોમાંચ પ્રેરે તેવી ઘટના વછે. રોકડું પરખાવનારાં આ તંત્રીઓ અન્ય સામયિકોના પાંખળા અભિગમો સામે આંખ આડા કાન કરવાના બદલે નિર્મમ બનીની આલોચના કરે છે. પોતાના સામયિકની પ્રસિધ્ધ થયેલી ટીકાનો સણસણતો જવાબ આપે છે.'સાહિત્ય'માં નિયમિત પ્રસિધ્ધ થયેલો 'ચોપાનિયા' શું કહે છે? ' તેમજ 'માનસી' માં પણ 'મિતાક્ષરી' નોંધમાં' અન્ય સામયિકની સારી-નરસી સામગ્રીઓ અંગે ચર્ચા' વિમર્શ થતાં રહયા છે. આ પધ્ધતિ આજે તો અન્ય સામયિકોનાં ઈતિહાસને પામવાની દિશા ચીંધી બતાવે છે. સામયિકની માત્ર નોંધ નહીં પણ એમની શ્રેષ્ઠ સામગ્રીને પ્રમાણવાનું સંપાદકોનાં અભિગમો વિશે બેધડક ટીકા-ટીપ્પણો કરવાનું વલણ દેખાય છે.

આ નોંધમાં પુરસ્કારથી માંડીને સામયિકની નિયમિતતા સુધીની રસપ્રદ માહિતી જ દર્શાવે છે કે એ સમયની સાહિત્યિક આબોહવામાં પલટો આણવા સામયિકનું પ્રદાન બેશક ઉંચી ભૂમિકાએ રહ્યું છે.

૦ તંત્રી – સંપાદકો-સર્જક સ્વરૂપે :

સામયિક પ્રવૃત્તિનાં કારણે ગુજરાતી સાહિત્યને સીધો જ ફાયદો સર્જનાત્મક ક્ષેત્રે પ્રવૃત્ત થયેલા તંત્રી-સંપાદકોનો છે. સામગ્રીનો તૈયાર કરવા માટે તંત્રી ખુદ સક્રિય થવાના કારણે સાહિત્યના પ્રબળ ઉન્મેષરુપ કૃતિઓ જન્મી છે. હાજી 'મોગલ રંગમહેલના ભેદભરમો' જેવી અનુવાદિત નવલકથા 'સદી' માં આપે છે. 'ગુજરાત' દ્વારા મુનશીનો સર્જનકાલ નોંધનીય કૃતિઓ આપે છે. નવલકથાથી માંડીને ટૂંકીવાર્તા, નાટક, પ્રવાસ, વિવેચન, જેવા ક્ષેત્રોમાં એમની કલમ ઘૂમી વળે છે. વિજયરાયની વિવેચન પ્રતિભાને બહાર આણવામાં 'કૌમુદી-માનસી' નો ફાળો અનન્ય રહ્યો છે, તો રામનારાયણ પાઠકે 'પ્રસ્થાન' ને કારણે જ ટૂંકીવાર્તા અને 'સ્વૈરવિહાર'નાં નિબંધો રચાયા હોવાનું પ્રમાણ્યું છે. આમ, તંત્રીઓને સર્જન-વિવેચન પ્રતિ પ્રેરવામાં સામયિક એક વિધાયક બળ રુપે ઉપસ્યા છે. એ સ્વીકારવું જોઈએ.

૦ સામયિક બંધ પડવાના,નિષ્પ્રાણ થવાનાં કારણો :

સામયિકોના મુખ્ય સૂત્રધાર ખસી જવાથી આ સામયિકો કાં તો અચાનક બંધ પડ્યા છે અથવા તો નિષ્પ્રાણ બની ગતાનુગતિક પરંપરામાં અટવાયા છે. હાજીનું અકાળે અવસાન થતાં 'વીસમી સદી' બંધ થયેલું. હાજીનાં પુત્ર ગુલામ હુસૈને 'વીસમી સદી'ને સાપ્તાહિક રુપે થોડો સમય પલાવવાનું સાહસ ખેડયું હતું. પરંતુ હાજીનાં 'વીસમસ સદી'ની તુલનાએ એ માત્ર મનોરંજન કરતું સામયિક બનીને રહી ગયું હતું. મુનશી અસહકાર પ્રવૃત્તિમાં જેલવાસ સ્વીકારતા 'સાહિત્ય સંસદ' માંથી સામયિકને પોષી શકે એવો કોઈ અનુગામી બહાર આવતોનથી. જ્યારે 'કૌમુદી'માંથી વિજયરાયની ફારગતીએ 'કૌમુદી'ની તેજપ્રભાને ઝાંખી કરી દીધી હતી. રામનારાયણ પાઠકની નિવૃત્તિ પછી લાંબા સમય સુધી પ્રસ્થાન પ્રકટ થતું રહ્યું હતું. પણ જે અપેક્ષાઓ એમણે ઉભી કરી આપી હતી ત્યાં સુધી

પહોંચવાનાં અનેક પ્રયત્નો કર્યા પછી પણ 'પ્રસ્થાન' પહોંચી શક્યું નથી. સામયિકોનાં અનુગામી તંત્રી અને વ્યવસ્થાપકોની સજાગ નિષ્ઠા અને નિસબત એ સામયિકો સાથે જોડાયેલી હતી તે છતાં કોઈ ક્ષણ માત્રનો ઝબકારો આપીને વિલાઈ જતાં નક્ષત્રો જેવી જ એમની ઓળખ ટકી રહે છે. બનતું આવ્યું છે એમ પ્રાણવાન તંત્રી એ પ્રાણવાન સામયિકને સર્જવા માટે આધારસ્તંભ રહ્યા હતાં. એ આધાર ખસી જતાં સામયિકને ટકાવવાનો પુરુષાર્થ 'સાહિત્ય' જેવા સામયિક કરી છૂટે છે. પરંતુ ટૂંકાગાળામાં જ એ સામયિક બંધ કરવાની નોબત સંભળાય છે.

o <u>કયું પ્રદાન વિશેષ મહત્વનું</u> ?

સામયિકોની આ આન્તર-બાહ્ય સ્વરૂપ)પ્રયોજન રેખાઓનું દર્શન, આજેતો સમયના આ અંતરે, એમનું પ્રદાન શું – એ વિચાર આગળ આપણને લાવી દે છે. આ પ્રદાન અનેક સ્તરે હોઈ શકે. સામયિકે એના કાર્ય-ગાળામાં તે-તે સમયની કેટલી મહત્વની કૃતિઓ (સર્જન-વિવેચનની) પ્રકટ કરી, કેટલાં આશાસ્પદ લેખકોનો શકિત-તણખો પારખ્યો – જેથી એ આશાસ્પદો ક્રમશઃ ઝડપૂથી સમર્થ ને પ્રતિષ્ઠિત બન્યા, કેટલાને કેવાનવ-પ્રયોગોને સ્થાન આપ્યુ, એમાંથી કેટલાં પ્રભાવક નીવડી શકયા, તે સમયનાં વિવિધ વલણો-ખ્યાલો-પ્રવાહોને સંપાદકીય સમુદારતાથી – સજ્જતાભરી ઉદારતાથી- સ્થાન આપવામાં કેવી તત્પરતાદાખવી, જે પ્રયોજન દ્રષ્ટિકોણથી સામયિક આરંભેલુ એ લક્ષ્યને, ગમે તેવી વિપરીત સ્થિતિમાં પણ, કેવુંક ને કેટલી ત્વરાથી સિધ્ધ કર્યુ, સાહિત્યિક વલણોના ને વાતાવરણના ઘડતરમાં કેવી કાર્ય-સક્રિયતા દાખવી, નવીન આંદોલનોને માર્ગ કરી આપવામાં કે એમને દ્રઢમૂલ કરવામાં કેવા કેવા સૂઝ-કામ દાખવ્યા, સામયિકોનું પ્રદાન આ અને આવા અન્ય અનેક તંતુઓમાં પ્રસરવાનું.

તો, આ બધામાંથી કયું પ્રદાન વિશેષ મહત્વનું એવો પ્રશ્ન પણ ઉઠાવી શકાય? તંત્રી,- સંપાદકની પાસે નાનકડા નવ-વિચારની પણ સ્પષ્ટતા હોય, પૂરાં લગનને નિસબત હોય, અતંદ્ર પરિશ્રમ કરવાની તૈયારી હોઈને વિશ્વસનીયતા (વાચકોમાં ને લેખકોમા) ઊભી કરવાની નિષ્ઠા હોય તો સામયિક કોઈને કોઈ

મહત્વનું પ્રદાન કરી શકે છે. એનું મૂલ્ય પણ ઓછું નથી. પરંતુ બહુ મોટી કાર્ય-પ્રેરકતા ઊભી કરનાર ! પૂરી ખબરદારીને તકેદારીથી નવા વલણોને પારખી ને એનો સાર્થક વિનીયોગ કરનાર, નવા'સાહિત્યિક આબોહવાને જીવંત, તાજગી વાળી, ગતિપ્રેરક બનાવે એવા સ્તરે પોતાની સંપાદીય કામગીરીને પ્રયોજતા રહેવાની ભૂમિકા (રોલ) બજાવી શકનાર, મોટા પરીવર્તનો આંદોલનોને પ્રસારવા- દૃઢાવવામાં અગ્રણી રહેનાર તંત્રીસંપાદકનું પ્રદાન વધુ ચિરંજીવી, વધુ મૂલ્યવાન ગણાય. ૨૦મી સદીના પૂર્વાર્ધમાં આ સામયિકોએ એવી કામગીરી મોટા પાયાપર કરી છે ને એક સઘન- નકકર પ્રભાવકતા ઊભી કરી છે. એવું વિધાન, આ અભ્યાસના અંતે, નિ:સંકોચ પણે કરી શકાય એમ છે.

●

મૂલ્યવાન વસ્તુઓ અને વિગતોની જાળવણી વિશે આપણી અક્ષમ્ય ઉદાસીનાતા છતાં ગઈ સદીના પુસ્તકોતો ઠીક ઠીક પ્રમાણમાં કયાંક ને કયાંક, સંગ્રહાયેલા મળે છે પણ સામયિકો આપણે જાળવી શકયા નથી. -ગઈ સદીના તો ઠીક, ગયા દાયકાનાં સામયિકોની પણ અખંડ ફાઈલો નહીં મળે! સામયિકોનું માત્ર સામયિક મૂલ્ય જ આપણે સ્વીકાર્યું છે. આ સંજોગોમાં, દસ્તાવેજી વિગતોની જાળવણી અર્થે પણ સામયિકો વિશે અભ્યાસ થતાં જાય તે જરુરી બલ્કે, અનિવાર્ય લાગે છે. ( શ્રી વિજયરાય વૈદે 'લીલાસૂકા પાન(૧૯૪૨) નામના અભ્યાસ લેખ સંગ્રહમાં 'ડાંડિયો' અને 'સત્યપ્રકાશ' વિશે નીજી માહિતી પણ જાળવી લીધી છે એ તે-તે સામયિકો આજે અલભ્ય બની ગયા છે. એ સ્થિતિમાં, કેટલું ઉપકારક મૂલ્ય ધરાવે છે !)

આ અભ્યાસને એ રીતે મૂલ્યાંકનલક્ષી તેમ વિગતલક્ષી પણ રાખ્યો છે. અભ્યાસ માટે સ્વીકારેલા સમયગાળાની સામયિક પ્રવૃત્તિનું બન્યુ એટલું પૂરું સંચલનચિત્ર આપવાનો ને પછી એના પરિમાણોને તપાસવાનો આ પ્રયાસ સંશોધન -અધ્યયનની પરંપરામાં એમાંદ નાનકડી રેખા ઉમેરાશે ને ભવિષ્યનાં અભ્યાસીનેય કંઈક ઉપયોગી થશે એવી નમ્ર પ્રતીતિને આગળ કરીને, આ કામ કર્યાનાં રોમાંચ સાથે, આ અભ્યાસ દ્વારા અધ્યયનનાં એક મુકામ આગળ સ્હેજ અટકું છું.

XXXXXXXX

સંદર્ભ : રમણ સોની, 'શોધ નવી દિશાઓની'માં 'સાહિત્યિક સામયિકો' લેખ, પૃ. ૧૩૩